# એવું નથી કે ફક્ત દુખ જ હેરાન કરે છે ક્યારેક સુખ પણ સુખે રહેવા દેતું નથી

આ જગતમાં આપણું કશું નથી. આપણે કશું સાથે લઈને આવ્યા નહોતા અને સાથે લઈને જવાના નથી. જીવનનું આટલું સત્ય જો આપણને સમજાઈ જાય તો બેડો પાર. જીવનમાં જે કાંઈ મળે તેનો સ્વીકાર કરવો જોઈએ. એને પ્રભુની કૃપા સમજવી જોઈએ અને તેનો સદુપયોગ થવો જોઈએ. શક્તિ, ધન, સત્તા અને મદ માણસને બહેકાવી નાખે છે. આ બધું પ્રાપ્ત થયા પછી કેટલાક માણસોના મગજમાં રાઈ ભરાઈ જાય છે. તેને એમ થાય છે કે તેના જેવું કોઈ નથી. શરાબના નશા કરતાંય અહંકારનો આ નશો વધુ ખતરનાક છે. આમાં માણસને સારું અને સાચું દેખાતું નથી.

માણસનો સમય સારો આવે છે ત્યારે તેની સજ્જનતાની કસોટી થતી હોય છે. ધન અને સત્તા આવે ત્યારે માણસે નમ્ર બનવું જોઈએ. વૃક્ષ પર ફળો આવે છે ત્યારે તે લચી પડે છે. જીવનમાં આનાથી ઊલટું બને છે. માણસને થોડી એવી સફળતા મળે એટલે અધ્ધર ચાલવા માંડે છે. જે માણસ ઊંચે જોઈને ચાલે છે તેને ઠોકર ખાવાનો વારો આવે છે. ધન અને સત્તા કાયમ માટે ટકી રહેતાં નથી.

ધન અને સત્તા હોય ત્યારે આસપાસ લોકોનાં ટોળાં એકઠાં થતાં હોય છે અને પ્રશંસાનાં પુષ્પો વેરાતાં હોય છે. ઊંચા આસને બેસવા મળે છે. લોકો વાતવાતમાં હા જી હા કરતા હોય છે. આમાં મોટે ભાગે ખુશામત હોય છે. લોકો માણસને નહીં, પણ તેની પાસે રહેલી સત્તા અને સંપત્તિને માન આપે છે. આવું કહેવાતું સુખ ભોગવ્યા પછી તેની આદત પડી જાય છે. ક્યાંક જરાક માન ઓછું મળ્યું. સ્ટેજ પર સ્થાન ન મળ્યું, કોઈએ આવકાર ન આપેયો, કયાંય નામનો ઉલ્લેખ ન થયો તો ખોટું લાગી જાય છે. દુ:ખ અને રોષ ઊભો થાય છે અને આ વાત મનમાં ખટકયા કરે છે. ધારણાઓ અને અપેક્ષાઓ દુ:ખદાયક છે. અપેક્ષા વગર સાહજિક રીતે આપણને જે કાંઈ મળે તેનો આનંદ અનોખો હોય છે, પણ લાયકાત વગરનું જે કાંઈ મેળવીએ તે લાંબો સમય ટકે નહીં.

સંસારમાં એ જ માણસોને સાચી સફળતા અને સાચો વિજય મળે છે જેમણે પોતાના અહંકારને ઓગાળી નાખ્યો છે. બધું મળ્યા પછી પણ તેઓ પોતાની જાતને અંકુશમાં રાખી શકે છે. જ્યારે કેટલાક માણસ અધૂરા છલકાતા ઘડા જેવા હોય છે. અભિમાન આ જગતમાં કદી કોઈનું ટક્યું નથી.

ધન, કીર્તિ અને કામનાની એક મર્યાદા છે. માણસ આ મર્યાદા ઓળંગે તો જેનાથી તેઓ ઉંચા આવ્યા છે તે જ તેમના પતનનું કારણ બને છે. એક વખત ધન ચાલ્યું જાય એટલે કોઈ ભાવ પૂછતું નથી. મેળો ક્યાં વિખરાઈ જાય છે તેની ખબર પડતી નથી. સગાંવહાલાં, મિત્રો પણ દર ખસી જાય છે. જાણે કે ઓળખતા ન હોય. ધન ચાલ્યું જાય ત્યારે માણસોને મોઢું ફેરવતાં વાર લાગતી નથી. માણસે સમજવું જોઈએ કે જે માન મળે છે તે પોતાને નહીં પણ પોતાની તિજોરી અને ખુરશીને મળે છે. આમાં ગર્વ કે અભિમાન કરવાનું કોઈ કારણ નથી.

જીવનમાં આપણને જે કાંઈ મળે છે તેમાં અદ્રશ્યપણે ઘણાનો હાથ રહેલો હોય છે. માત-પિતા, ભાઈઓ-બહેનો, મિત્રો, સ્નેહીઓએ આપણા વિકાસમાં કાંઇક ને કાંઇક મદદ કરી હોય છે. કેટલીક વખત અજાણ્યા માણસો પણ આપણને મદદરૂપ બની જાય છે. આ સંસારમાં એકબીજાની મદદ અને સહકાર વગર એક પગલું પણ ભરી શકાતું નથી. પણ આપણે આ ઉપકારને હંમેશા ભૂલી જતા હોઈએ છીએ. જીવન તરફ અને આપણી સફળતા તરફ જરાક દ્રષ્ટિ કરીએ અને વીતેલા સમયને યાદ કરીએ અને આપણે કયાં હતા અને કયાં પહોંચ્યા છીએ તેનો સાચો ખ્યાલ કરીએ તો માલૂમ પડશે કે જીવનના આ રાહ પર કેટકેટલાનો સાથ મળ્યો હતો. થોડું આત્મનિરીક્ષણ કરીએ.

## 'સ્વરોત્સવ' સાંસ્કૃતિક ઉત્સવ નું અમદાવાદ ખાતે આયોજન કરવામાં આવ્યું



અમદાવાદ, સ્વર,શબ્દ,સાહિત્ય અને સ્વાદ નો અનોખો મેળો એટલે સ્વરોત્સવ. ૧૧,૧૨,૧૩ મે,૨૦૧૭ સાંજે ૭.૩૦ થી રજવાડું મલાવ તળાવ ખાતે કવિ અંકીત ત્રીવેદી દ્વારા સંચાલન અને શ્રી ગૌરાંગ વ્યાસ દ્વારા સંગીત સંકલન કરવામાં આવ્યું આવ્યું હતું.

૧૧મી મે ગુરુવાર ના રોજ સર્વશ્રી અમૃત ઘાયલ, મરીઝ, બેફામ, હરીન્દ્ર દવે, મિલિંદ ગઢવી, કિરણસિંહ ચૌહાણ, પ્રણવ પંડ્યા, અંકીત ત્રીવેદી અને પદ્મશ્રી ભીખુદન ગઢવી દ્વારા કાવ્યપાઠ કરવામાં આવ્યું.

૧૨મી મે શુક્રવાર ના રોજ પાર્થ ઓઝા, ભૂમિક શાહ, પ્રહર વોરા, ગાર્ગી વોરા, આનલ વસાવડા, નયના શર્મા, કોષા પંડ્યા, ગૌરાંગ વ્યાસ અને પદ્મશ્રી પુરુષોત્તમ ઉપાધ્યાય તથા સાધના સરગમ દ્વારા ટેડકો પડે એવા ગુજરાતી ગીતો રજૂ કરવામાં આવશે જેમાં સંગીત સંકલન શ્રી ગૌરાંગ વ્યાસ દ્વારા અને ભાવસેતુ કવિ અંકીત ત્રીવેદી દ્વારા કરવામાં આવ્યું. ૧૩મી મે શનીવાર ના રોજ પદ્મશ્રી ગુણવંત શાહ અને વિનોદ ભટ્ટ દ્વારા વાત-મુલાકાત અને ઓસમાણ મીર દ્વારા આસમાની સંગીત રજૂ કરાયું. (૧૩-૯)

# પૈસાથી હૅપિનેસ ખરીદી શકાતી નથી એ વાત સાચી છે

આચાર્ય ગણો, ભગવાન ગણો કે ઓશો - એક મૌલિક અને ક્રાંતિકારી વિચારક છે.

દેખિતી રીતે તમને લાગે કે એમણે ભગવદ્ ગીતાથી લઈને ઉપનિષદો સુધીનાં અનેક ગ્રંથો પર ટિપ્પણી કરતાં પ્રવચનો કર્યા કે પછી કબીર, મીરા, લાઓત્ઝુથી માંડીને ગાંધીજી સમા મહાપુરુષના વિચારોનું વિશ્ર્લેષણ કર્યું. મને એમ લાગે છે કે આ બધી હસ્તીઓ કે એ ગ્રંથો એમના માટે ખીંટી હતી. પોતાના જલદ વિચારોને સ્વીકાર્ય બનાવવા રજનીશે એ બધાંને સ્ટેપિંગ સ્ટોન તરીકે વાપર્યા અને પછી પોતાને જે કહેવું હતું તે કહ્યું. આ ગ્રંથો કે હસ્તીઓની ચાલણગાડી શ્રોતાઓને આપ્યા વિના રજનીશે સીધા જ આપણને દોડાવ્યા હોત તો કદાચ થોડે પહોંચીને આપણે થંભી જાત યા ગબડી પડત.

રજનીશે ગીતા-કબીર ઈત્યાદિના વિચારોને પોતાની રીતે ઈન્ટરપ્રીટ કર્યા એવું આપણને લાગે છે પણ જેઓ રજનીશના અઠંગ અભ્યાસી છે તેઓ જોઈ શકશે કે ઈન્ટરપ્રીટેશન તો એમનું પહેલું ગિયર પણ નથી, સ્ટાર્ટર છે. એક વખત સ્ટાર્ટ લીધા પછી તેઓ પોતાની સ્પીડે પોતાના નવા રસ્તે નીકળી પડે છે.

એક જમાનામાં રજનીશનાં પ્રવચનો પરથી બનતાં પુસ્તકો ખૂબ મોંઘાં વેચાતાં. હાર્ડ બાઉન્ડ હોય, એમ્બોસ્ડ ડસ્ટ જૅકેટ હોય, અસ્તર સિલ્કનું હોય, કાગળ અને પ્રિન્ટિંગ તો બેસ્ટ ક્વૉલિટિનાં હોય જ. એ પુસ્તકોનો ઘણો મોટો ચાર્મ હતો. રજનીશના ગયા પછી થોડાંક વર્ષો અસમંજસમાં રહ્યા પછી એમના પુસ્તકના કૉપીરાઈટ હોલ્ડરોએ પેપરબૅક એડિશન માટે પરવાનગીઓ આપવાની શરૂ કરી. આને કારણે છેલ્લાં બેએક દાયકામાં રજનીશ સાહિત્ય ખૂબ કિફાયત કિંમતે અનેક લોકો સુધી પહોંચ્યું. આનો પણ એક ચાર્મ છે. ભારતના જાણીતા અંગ્રેજી-હિન્દી પ્રકાશકોએ પણ આ પુસ્તકોના પ્રકાશનમાં હોંશે હોંશે ભાગ લીધો. પેપરબૅકમાં છપાયેલાં રજનીશનાં સેંકડો ઉમદા પુસ્તકોમાંનું એક ઓશો લાઈફ એસેન્શ્યલ્સ સિરીઝમાંનું 'ફેમ, ફૉર્ચ્યુન એન્ડ ઍમ્બિશન' ટાઈટલ ધરાવતા આ પુસ્તકનું પેટામથાળું છે: વૉટ ઈઝ ધ રિયલ મીનિંગ ઑફ સક્સેસ? પુસ્તકની સાથે ૧૩૧ મિનિટની ડીવીડી પણ છે જેમાં 'ફ્રોમ ડાર્કનેસ ટુ લાઈટ' નામના પ્રવચનની વાતો છે જેનું ટાઈટલ છે: 'ઈનોસન્સ: ધ પ્રાઈસ યુ પે ફૉર ધ ફેઈલ્યોર ઑફ સક્સેસ'

નામ અને દામ. પૈસો અને પ્રસિદ્ધિ. ફેમ ઍન્ડ ફૉર્ચ્યુન. રજનીશ આમાં ઊંડા ઊતરીને એ બંને સાથે જોડાયેલી માનસિકતાનો એકએક તાર છૂટો પાડીને તપાસે છે. લોભ-લાલચનું ઉદ્ગમસ્થાન કયું? પ્રસિદ્ધ માણસો અને શ્રીમંત માણસો સમાજમાં આટલી મોટી વગ ધરાવતા હોય એવું લાગે છે, શા માટે? પૈસાથી હૅપિનેસ ખરીદી શકાતી નથી એ વાત સાચી છે? આ પુસ્તકમાં રજનીશ એમની સરળ, ક્યારેક રમૂજભરી તો ક્યારેક દિમાગને ઉત્તેજિત કરતી તો ક્યારેક તરબતર કરી નાખતી શૈલીમાં જવાબ આપે છે.

લોકોને પોતે જ કામ કરી રહ્યા છે, પોતે જ જિંદગી જીવી રહ્યા છે તેના કરતાં બીજાનું કામ, બીજાની જિંદગી વધારે આકર્ષક લાગવાની. ધ ગ્રાસ ઈઝ ઑલ્વેઝ ગ્રીનર ઑન ધ અધર સાઈડ. આને કારણે આપણે આપણા પોતાનામાં જે પોટેન્શ્યલ ભરીને પડ્યું છે તેની અવગણના કરતા થઈ જઈએ છીએ. બીજા લોકો તમારી પાસે જે અપેક્ષા રાખે છે એ અપેક્ષાને સંતોષવામાં તમે મંડી પડો છો. આને કારણે તમને તૃપ્તિ થતી નથી. આ અતૃપ્તિનું કારણ તમને એ લાગે છે કે જે તમે મેળવ્યું છે તે ઓછું છે એટલે તમે ધરાતા નથી. હજુ વધારે મેળવીશું તો તૃપ્ત થઈ જશું. પણ એવું નથી. અતૃપ્તિનું કારણ એ નથી કે તમે ઓછું મેળવ્યું છે. અતૃપ્તિનું કારણ એ છે કે તમારે જે મેળવવું હતું તે તમને નથી મળ્યું અને ક્યાંથી મળે? તમે તો લોકોની તમારા માટેની અપેક્ષા સંતોષવામાં રહ્યા. તમે માની લીધું કે તમારી તમારા પોતાના

# ગૃહશક્તિ દ્વારા સ્ત્રીઓ માટે સ્પેશિયલ હોમ લોન લોન્ચ કરાઈ

મુંબઈ, ગૃહશક્તિ બ્રાન્ડ હેઠળ સંચાલિત ફુલર્ટન ઈન્ડિયા હોમ ફાઈનાન્સ કંપની લિમિટેડે ગૃહલક્ષ્મી યોજના રજૂ કરી છે. આ હોમ લોન યોજના ખાસ સ્ત્રી ઋણદારો માટે તૈયાર કરવામાં આવી છે. આ યોજના શહેર અને અર્ધ-શહેરી ભારતમાં નોકરિયાત અને વેપાર સાહસિક સ્ત્રીઓને તેમના પરિવાર માટે ઘર નિર્માણ કરવામાં મદદરૂપ થવા અને તેમની આવકને આધારે અસ્કયામત માલિકી નિર્માણ કરવામાં મદદ કરે છે.

આ લોનનો વ્યાજ દર સ્પર્ધાત્મક કિંમતે હાઉસિંગ લોન પર ૯.૫૦ ટકાથી વધુ અને નોન- હાઉસિંગ લોન પર ૧૧.૫૦ ટકાથી વધુ એ રીતે છે. ગૃહલક્ષ્મી માટે લોન આકાર રૂ. ૫ લાખથી રૂ. ૫ કરોડની શ્રેણીમાં છે.

આ લોન્ચ વિશે બોલતાં ગૃહશક્તિના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર શ્રી રવીદ્ર રાવે જણાવ્યું હતું કે ગૃહશક્તિમાં અમે ભારપૂર્વક માનીએ છીએ કે સ્ત્રીઓને ઘર ખરીદી કરવા અને તેમના નામે લોન લેવા માટે પ્રોત્સાહન આપવું જોઈએ. પોતાના નામનું ઘર હોવું તે મજબૂત નાણાકીય સલામતી મહેસૂસ કરાવે છે. અમે જોઈ રહ્યા છીએ કે સ્ત્રીઓ ઘર ખરીદીના પરિવારના મુખ્ય નિર્ણયોમાં સક્રિય રીતે ભાગ લઈ રહી છે ત્યારે આ યોજના તેમનાં સપનાં સાકાર કરવામાં મદદરૂપ થશે.

૨૦૧૬માં રજૂ કરાયેલી ફુલર્ટન ઈન્ડિયા હોમ ફાઈનાન્સ કંપની લિમિટેડ (જે ફુલર્ટન ઈન્ડિયા ક્રેડિટ કંપની લિમિટેડની સંપૂર્ણ માલિકીની સબસિડિયરી છે) ૯ રાજ્યોની ૪૧ શાખાઓમાં રિટેઈલ અને એફોર્ડેબલ હોમ ફાઈનાન્સ નિવારણો આપે છે. (૧૯-૮)

# ઘસડાતા ભારતનું નિર્માણ

ભારત પાસે જો બેરોજગારી માપવાનો ભરોસાપાત્ર માપદંડ હોત અથવા આપણે જિંદગી જીવવાના ખર્ચને સંખ્યાઓમાં બાંધી શકતા હોય તો દુનિયા ભારતનો એ અસલી ચહેરો જોઈ રહી હોત જે વિકાસ દરના આંકડામાં દેખાતો નથી. છેલ્લા કેટલાય દાયકાઓમાં સૌથી વધુ રોજગાર, આવક, રોકાણ, ખપત, રાજસ્વ, ટેકનિક અને ખુશહાલી આપનાર ગ્રોથ ફેક્ટરી ઠપ્પ થયા બાદ ભારત હવે રોજગાર અને આવકમાં સાઠ-સિત્તેરના દાયકામાં અને આર્થિક સંકટોમાં એકાણુંના વર્ષ જેવું થઈ ગયું છે. જ્યાં મંદી અને મોંઘવારી એક સાથે આવી પડે છે.

ઉન્મત્ત સરકાર ફક્ત કિસ્મતના સહારે આર્થિક સૂરત બદલવાની રાહ જોઈ રહી છે. આ માહોલમાં ભારત નિર્માણનો પ્રચાર પ્રગતિના ખાત્મા પર ખલનાયકી અટ્ટહાસ્ય જેવું લાગે છે. આર્થિક વિકાસના તાજા આંકડા સ્પષ્ટ છે. તેમાં ગ્રોથના તૂટવાનો વિસ્તાર અને ઊંડાણ જોવા મળે છે.

સંકટ આખી દુનિયામાં હતું પરંતુ આપણું પતન સૌથી વિચિત્ર છે. તમામ ક્ષેત્રોમાં ગ્રોથ વર્ષ દર વર્ષ નીચે આવતો ગયો છે. ૨૦૧૦-૧૧ અને ૨૦૧૨-૧૩ દરમિયાન બે વર્ષમાં વિકાસ દર સાડા નવથી પાંચ ટકા પર આવી ગયો. ગ્રામીણ ભારતના શાનદાર નિર્માણના દાવાથી વિપરિત ચોવીસ મહિનામાં કૃષિ વિકાસ દર ૫.૪ ટકાથી ૧.૪ ટકા પર ઢળી પડ્યો. છેલ્લા બે વર્ષમાં ચોમાસુ બહુ ખરાબ ન હતું, ખાદ્ય ઉત્પાદનોની માંગ જોરદાર હતી પરંતુ કૃષિનો વિકાસ દર બે વર્ષના ન્યૂનતમ સ્તર પર છે. મનરેગા પર મુગ્ધ સરકારે ખેતી તરફ જોયું જ નહિ, જે ગામડાંમાં સૌથી વધુ રોજગાર આપે છે. કૃષિમાં રોકાણનો ઉત્સાહ તૂટી ગયો છે અને હવે આ ધસતી ખેતી પર ખાદ્ય સુરક્ષાનો બોજો લાદવામાં આવશે!સુધારાના દાવાથી વિપરિત ચોવીસ મહિનામાં ફેક્ટરી ઉત્પાદન વધવાનો દર ૭.૪ ટકાથી ઘટીને ૨.૬ ટકા પર આવી ગયો. સરકાર ડાયરેક્ટ કેશ ટ્રાન્સફરમાં વ્યસ્ત હતી ત્યારે રોજગાર આપનાર ઉદ્યોગો કામ સમેટી રહ્યા હતા.

શહેરોથી લઈને ગામડાં સુધી ફેલાયેલી જાતજાતની સેવાઓ રોજગારનું એન્જિન રહી છે. તેના ગ્રોથના પતનમાંથી સૌથી વધુ બેકારી નીકળી રહી છે.

# વાસ્તુદોષ મુક્તિના કેટલાક સરળ ઉપાય

નકારાત્મક ઉર્જાને દૂર કરો

તમને જાણ હોવી જોઈએ કે મકાનના પ્રવેશ દ્વાર સામે કોઈ રોડ, ગલી કે ટી જંક્શન હોય તો આ ગંભીર વાસ્તુદોષ ઉત્પન્ન કરે છે, ખાસ કરીને એ મકાનોમાં જે દક્ષિણ અને પશ્ચિમ મુખી હોય છે. એવુ માનવામાં આવે છે કે આવા મકાનમાં રહેનારા લોકોને પ્રત્યેક કામમાં અસફળતા સાંપડે છે.

વાસ્તુદોષથી મુક્તિ માટે આ ઉપાય કરો :-

- તમે તમારા મકાનની બહાર એ નકારાત્મક ટી ની તરફ મોઢુ કરીને ૬ ઈંચનો અષ્ટકોણ આકારનો એક અરીસો લટકાવી દો. આવુ કરવાથી દક્ષિણ અને પશ્ચિમ દિશાઓની ટીનો સંપૂર્ણ વાસ્તુદોષ ઠીક થઈ જશે.

- તમરા મકાનમાં રૂમની બારી, દરવાજો કે બાલકની એવી દિશામાં ખુલતી હોય જ્યા કોઈ ખંડેર જેવુ મકાન આવેલુ હોય, અથવા કોઈ ઉજ્જડ જમીન કે પ્લોટ પડેલો હોય કે પછી વરસોથી બંધ પડેલુ મકાન હોય, સ્મશાન કે કબ્રસ્તાન આવેલુ હોય તો આ અત્યંત અશુભ છે. આવા મકાનમાં સકારાત્મક ઉર્જાનો પ્રવાહ લાવવા માટે એક કાચની પ્લેટમાં થોડા ફટકડીના નાના-નાના ટુકડા બારી, દરવાજા કે બાલકનીની પાસે મુકી દો તેમજ તેને દર મહિને નિયમથી બદલતા રહો તો વાસ્તુદોષથી મુક્તિ મળે છે.

- જો મકાનના કોઈ રૂમમાં સૂવવાથી જુદા જુદા ભયાનક સપના આવતા હોય અને જેના કારણે તમને આખી રાત ઉંઘ ન આવતી હોય, ખરાબ સપના જોયા પછી નાના બાળકો જલ્દી સૂઈ નથી શકતા અને આખી રાત જાગે છે અથવા રડતા રહે છે. આ સમસ્યામાંથી છુટકારો મેળવવા રૂમમાં એક જીરો વોટનો પીળા રંગનો નાઈટ લેમ્પ અથવા બલ્બ લગાવી રાખો. આ એ રૂમમાં બહારથી આવનારી નકારાત્મક ઉર્જાને દૂર ભગાડે છે.

- ક્યારેક બાળકોને મકાનમાં કોઈ રૂમમાં એકલા જવાનો ભય લાગે છે, એ રૂમમાં સૂવવાના નામથી જ તેઓ ભયથી કાંપી ઉઠે છે, આવા સમયે બેડ કે પલંગના માથા તરફ (જ્યાં માથુ મૂકીને સૂતા હોય) ના બંને કિનારોમાં તાંબાના તારથી બનેલી સ્પ્રિંગ જેવી કડીઓ નાખી દો. આ કડીઓ નકારાત્મક ઉર્જા દૂર કરે છે. કડીઓને ખૂણામાં નાખવાથી લાભ ઝડપથી થાય છે.

જો કોઈ મકાનની છત ઉપર પૂર્વ, ઉત્તર કે પૂર્વોત્તર દિશાઓમાં રૂમ, સ્ટોરરૂમ કે સર્વંટ રૂમ વગેરે બનેલા હોય અને આ ત્રણે દિશાઓ દક્ષિણ-પશ્ચિમના નેઋત્ય ખૂણાથી ઉંચી બનેલી હોય તો આવા મકાન મકાનમાલિકને ક્યારેય સુખ નથી આપતા. મકાનમાલિક કાયમ પરેશાન અને દુ:ખી રહે છે. આવા મકાનના માલિક પોતાના જીવનમાં કાયમ નોકરીઓ બદલતા રહે છે અથવા વેપારમાં નસીબ અજમાવતા રહે છે. આ સમસ્યાથી મુક્તિ મેળવવા માટે મકાનના દક્ષિણ-પશ્ચિમ ખૂણામાં છત ઉપર એક પાતળો લોખંડનો પાઈપ અને તેના પર પીળી કે લાલ રંગની ધજા લટકાવી દો. જેનાથી દક્ષિણ-પશ્ચિમનો ખૂણો સૌથી ઉંચો થઈ જાય છે. તમારા ઘરની અંદર કોઈ પણ પ્રકારની તોડફોડ કર્યા વિના નીચે દર્શાવેલા ઉપાયો વડે તમે વાસ્તુદોષથી છુટકારો મેળવી શકો છો. - પોતાની પસંદગીને અનુસાર સુગંધિત ફૂલોનો ગુલદસ્તો હંમેશા પોતાના માથાની તરફના ખુણા પાસે મુકો.

- સુવાના રૂમની અંદર એઠા વાસણ ન રાખવા, આનાથી પત્નીનું સ્વાસ્થ્ય પણ ખરાબ થાય છે અને ધનની ઉણપ પણ થાય છે.

- પરિવારનો કોઈ પણ સભ્ય માનસિક તણાવને લીધે પીડાતો હોય તો કાળા મૃગની ચામડીને પાથરીને સુવાથી લાભ થાય છે. કોઈ પણ વ્યક્તિને ખરાબ સ્વપ્નો આવતાં હોય તો ગંગાજળ માથા પાસે રાખીને સુવું.

- પરિવારમાં કોઈ રોગગ્રસ્ત હોય તો ચાંદીના વાસણમાં શુદ્ધ કેસરયુક્ત ગંગાજળ ભરીને ઓશિકા પાસે મુકી દેવું.

- જો કોઈ વ્યક્તિ માનસિક તણાવને લીધે હેરાન હોય તો રૂમમાં શુદ્ધ ઘીનો દિવો પ્રગટાવીને રાખો અને સાથે ગુલાબની અગરબત્તી પણ સળગાવો. - સુવાના રૂમમાં ક્યારેય પણ સાવરણી ન રાખવી. જો કોઈ કષ્ટ પડી રહ્યું હોય તો તકીયાની નીચે લાલ ચંદન મુકીને સુઈ જવું. - ગુપ્ત શત્રુ હેરાન કરી રહ્યાં હોય તો લાલ ચાંદીના સાપ બનાવીને તેમની આંખોમાં સુરમો લગાવી તેમને પગની નીચે રાખીને સુવુ જોઈએ. આ રીતે નાના-મોટા ઘણા ઉપાયો દ્વારા નકારાત્મક ઉર્જાને સકારાત્મક ઉર્જામાં ફેરવી શકાય છે.

# ગુજરાતમાં આઈડિયા દ્વારા 4G સેવામાં વિસ્તરણ ની જાહેરાત

આઈડિયા ગુજરાતનાં ૪૦૦ શહેરોમાં આવનાર ૨ મહિનામાં ઝડપથી તેના 4G નેટવર્ક નું વિસ્તરણ કરશે.

આઈડિયા સેલ્યુલરના ચીફ કોર્પોરેટ અફેર્સ ઓફિસર શ્રી રજત મુખરજી એ જણાવ્યું હતું કે આઈડિયાએ ડિજિટલ યુગ માટે અમારા ૨૦૦ મિલિયન ગ્રાહકો માટે તૈયારી કરી અને દેશવ્યાપી વાયરલેસ બ્રોડબેન્ડ ઓપરેટર બનવા માટે નેટવર્કના વિસ્તરણમાં એકધાર્યું રોકાણ કર્યું છે. ગયા એક વર્ષમાં આઈડિયાએ 4G /3G મંચ પર તેનું મોબાઈલ બ્રોડબેન્ડ નેટવર્ક બમણાથી વધુ કર્યું છે અને હવે ભારતની વસતિના ૫૦ ટકાને આવરી લે છે. આઈડિયાના મોબાઈલ બ્રોડબેન્ડ ડેટાની સેવાઓ હાલમાં લગભગ ૧,૦૦,૦૦૦ શહેરો અને ગામોમાં છે અને ૫૦૦ મિલિયન જેટલા ભારતીય ગ્રાહકોને ઉપલબ્ધ છે. આઈડિયા સેલ્યુલરના ગુજરાતના ચીફ ઓપરેટિંગ ઓફિસર શ્રી પુનીત ક્રિષ્નને જણાવ્યું હતું કે આઈડિયાએ ગુજરાત માં ૨ મહિના જેટલા ટૂંકા સમયગાળામાં આઈડિયાએ વિસ્તરણ કરી ગુજરાતના મોટા ભાગના શહેરોમાં 4Gનેટવર્ક માં હાજરી નોંધાવી છે.

આઈડિયા 4G સર્વિસિસ આવનાર ૨ માહિનામાં ગુરાતનાં ૪૦૦ શહેરોમાં વિસ્તરણ પામશે અને ગુજરાત ક્ષેત્ર માં ૧.૩ કરોડ ની વસ્તીને આવરી લેશે. આઈડિયાએ ટેરિફ પેક્સ સાથે ઘણી બધી સ્માર્ટફોન ઓફરો અને ડિજિટલ કન્ટેન્ટ સહિત આકર્ષક ઓફરોની શ્રેણી ગુજરાતમાં તેના ઉપભોક્તાઓ માટે રજૂ કરી છે. રૂ.૧૭ની કિંમતે કલાકના 4G ડેટાથી હેન્ડસેટ અપગ્રેડ ઓફર અને સ્માર્ટફોન ડીલ્સ, આઈડિયા બધા પ્રકારના ઉપભોક્તાઓ માટે વિવિધ પ્રોડક્ટોની શ્રેણી ઓફર કરે છે. અમે પ્રદેશમાં ૧.૬ કરોડ જેટલા આઈડિયાના ગ્રાહકો માટે વિશ્વ કક્ષાની, હાઈ સ્પીડ 4Gસેવાઓ રજૂ કરવામાં અને તેમની સતત વધતી ઈન્ફ્રાટેઈનમેન્ટની જરૂરતોને પહોંચી વળવા માટે હાઈ-સ્પીડ બ્રોડબેન્ડ મંચ પર ડિજિટલ સેવાઓની સંપૂર્ણ શ્રેણી પૂરી પાડીશું. (૧૩)

KARVY FINANCE
કારવી ફાઈનાન્સિઅલ સર્વિસીસ લિમિટેડ
રજીસ્ટર્ડ ઓફિસ: ૭૬૨, બિલ્ડીંગ નં. ૭, છઠો માળ, સોલીટેર કોર્પોરેટ પાર્ક, અંધેરી ઇસ્ટ, મુંબઇ - ૪૦૦ ૦૯૩
ટેલી.: +૯૧ ૨૨ ૬૭૮૭૫૩૦૦ ફેક્સ: +૯૧ ૨૨ ૬૭૮૭૫૩૩૪ વેબસાઇટ: www.karvyfinance.com
કોર્પોરેટ આઇડેન્ટી નંબર : U67190MH2001PLC227379

જાહેર નોટીસ

આથી જાહેર જનતાને જાણ કરવામાં આવે છે. સોનાના ગીરવે મુકાયેલા ઘરેણાની હરાજી તા.૨૬.૦૫.૨૦૧૭ ના રોજ સવારે ૧૦.૩૦ કલાકે નવરંગપુરા શાખા દ્વારા કારવી ફાઇનાન્સિઅલ સર્વિસીસ લિમિટેડ, ૧૦૪, પહેલો માળ, સ્વપ્નીલ-૫, કોમર્સ છ રસ્તા પાસે, નવરંગપુરા, અમદાવાદ ૩૮૦ ૦૦૯, ગુજરાત.
અમારા જુદા-જુદા ગ્રાહકોના લોન ખાતામાંથી મળેલ ઘરેણા કે જેઓ તેમના બાકી ચુકવવામાં નિષ્ફળ ગયા છે. તેમની હરાજી થશે. કરજદારોને આ હરાજી થશે. કરજદારોને આ હરાજીની જાણ કરતી નોટીસ પાઠવી દેવામાં આવી છે.
જેમના લોન એકાઉન્ટમાં નાણાં બાકી નીકળે છે તેવા ગ્રાહકોના દાગીનાની હરાજી કરવાની છે તેમના ખાતા નંબર બ્રાંચ સાથે નીચે આપેલા છે.

નવરંગપુરા શાખા

| Loan No. | Application No. | Loan No. | Application No. |
|---|---|---|---|
| PR00434703 | GLDPD270070 | PR00510717 | GLD442542 |
| PR00464587 | GLD403535 | PR00439258 | GLD386407 |
| PR00464579 | GLD403534 | PR00441746 | GLD386453 |
| PR00464566 | GLD403533 | PR00467431 | GLD403591 |
| PR00465170 | GLD403551 | PR00467590 | GLD403596 |
| PR00465156 | GLD403555 | PR00495727 | GLD442356 |
| PR00488033 | GLD419454 | PR00512098 | GLD461527 |
| PR00488284 | GLD419457 | PR00492344 | GLD414264 |
| PR00488316 | GLD419456 | PR00492357 | GLD00414263 |
| PR00488652 | GLD419463 | PR00497492 | GLD442383 |
| PR00488657 | GLD419464 | | |

મણીનગર શાખા

| Loan No. | Application No. | Loan No. | Application No. |
|---|---|---|---|
| PR00355508 | GLD309820 | PR00509960 | GLD433244 |
| PR00355512 | GLD309821 | PR00438690 | GLD375761 |
| PR00356939 | GLD309829 | PR00438698 | GLD0375760 |
| PR00356931 | GLD309828 | PR00440952 | GLD375804 |
| PR00357670 | GLD309836 | PR00491831 | GLD414241 |
| PR00462715 | GLD398796 | PR00494685 | GLD433063 |
| PR00462902 | GLD398798 | PR00512542 | GLD0457416 |
| PR00464750 | GLD398813 | PR00494321 | GLD433059 |
| PR00488050 | GLD414213 | | |

વધારાની માહિતી માટે, કારવી ફાઇનાન્સિઅલ સર્વિસીસ લિમિટેડ નો સંપર્ક કરવો.
સંપર્ક નં. ૦૭૯-૨૬૪૨૪૨૩૬/૯
(કારવી ફાઇનાન્સિઅલ સર્વિસીસ લિમિટેડ ને ગ્રાહકોના કેટલાક એકાઉન્ટની હરાજી કરવી/ મુલતવી રાખવી/કેન્સલ કરવી દરેક અધિકાર કોઇ પણ જાતની નોટીસ આપ્યા વગર સંસ્થાના છે.)

જાહેર નોટીસ

એલએલપી એક્ટ , ૨૦૦૮ના અનુચ્છેદ ૧૩(૩) તેની સાથે એલએલપી રુલ ૨૦૦૯ રુલ ૧૭ વાંચતા રજીસ્ટાર ઓફ કંપનીઝ સમક્ષ, અમદાવાદ-૩૮૦૦૧૪
અરુનાભ ટકનોલોજી એલએલપી ની બાબતમાં, એલએલપી એક્ટ ૨૦૦૮ હેઠળમાં એલએલપી ઈનકોર્પોરેટેડ, તેની રજીસ્ટાર ઓફીસ ૧૦૧,પહેલે માળે, જીસીપી બીઝનેશ સેન્ટર, સેન્ટ ઝેવીયર્સ સ્કુલ રોડ, મેમનગર, અમદાવાદ-૩૮૦૦૫૨,ગુજરાત (અરજદાર )
આથી અહી નોટીસ આપવામાં આવે છે કે, એલએલપી એક્ટ ૨૦૦૮ હેઠળ અનુચ્છેદ ૧૩(૩) હેઠળ અરજી આપવામાં આવી છે કે રજીસ્ટાર ઓફ કંપનીઝ અમદાવાદ, ગુજરાત સમક્ષ એક દરખાસ્ત મુકવામાં આવી છે કે અરજદાર એલએલપી કંપની તેની રજીસ્ટાર ઓફીસ ગુજરાત રાજ્યમાંથી ખસેડીને મધ્ય પ્રદેશ લઇ જવા માંગે છે. આ ફેરફારથી કોઇ વ્યક્તિને અસર થતી હોય તે તેણે ધ રજીસ્ટાર ઓફ કંપનીઝ, આરઓસી ભવન, રુપલ પાર્ક સોસાયટી સામે, અંકુર બસ સ્ટેન્ડ સામે, નારણપુરા,અમદાવાદ.૩૮૦૦૧૩, ગુજરાત ખાતે આ નોટીસ પ્રસિધ્ધ થયાના ૨૧ દિવસની અંદર તેમના વિરોધના કારણો અને તેમને લગતા તેમના હિત ની બાબતો સોગંદનામા પર મોકલવી અને તેની એક કોપી એલએલપી કંપનીને પણ મોકલવી.

વતી અરુનાભ ટેકનોલોજીસ એલએલપી
તારીખ : ૧૫-૦૫-૨૦૧૭ એસડી/-
સ્થળ : અમદાવાદ સત્યપ્રકાશ તિવારી ડેઝીગ્નેટેડ પાર્ટનર

Ishaan Infrastructures & Shelters Ltd

Reg. Office : GF-1, Shagun Complex, Swastik Society, Navarangpura, Ahmedabad - 380009
Tel No. 079-29702338 Website : www.ishaaninfra.com
Cin : L45300GJ1995PLC027912

With reference to the earlier announcement dated May 6th, 2017 regarding the meeting of the Board of Directors of the Company, on Monday, May 15th , 2017 to consider, inter alia, un-audited results of the Company for the financial year ended March 31, 2017, the Company now informs the Stock Exchanges that the meeting of the Board of Directors, held today i.e. May 15th, 2017, will continue on May 30, 2017, to consider the audited annual financial result for the year ended 31st March, 2017, which could not be transacted in the meeting held on May 15th, 2017 due to want of quorum . The results will be provided to the exchange subsequently, as per the requirements of the listing agreement.

For, Ishaan Infrastructures & Shelters Limited
Place : Ahmedabad
Date : 15-05-2017
Director

COMFORT INTECH LIMITED
Regd Off.: 106 Avkar Algani Nagar Kalaria Daman DD 396210
Corp Off.: A-301, Hetal Arch S.V.Road, Malad (West) Mumbai 400064
Phone No.: 022 28449765/66/67, Fax: 022 28892527,
Email: info@comfortintech.com Website: www.comfortintech.com
CIN: L70100DD1994PLC001678

NOTICE OF BOARD MEETING

**Notice** is hereby given pursuant to Regulation 29 read with Regulation 47 of SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015 a meeting of Board of Directors of **COMFORT INTECH LIMITED** will be held on Saturday, 20th May, 2017 at 11.30 a.m. at the Corporate Office of the Company inter alia, to consider and approve the Audited Financial Results of the Company for the Quarter and Financial Year Ended 31st March, 2017 under Regulation 33 of SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015 and to consider any other business with the permission of the Chair.

For **Comfort Intech Limited**
Sd/-
Anil Agrawal
Managing Director
DIN: 00014413
Place : Mumbai
Date : 13.05.2017

ECS BIZTECH LIMITED
CIN: L30007GJ2010PLC063070
Registered Office: Block-I, Safal Mondel Park, Nr. Iscon Mall, Nr. Rajpath Club, Nr. Rangoli Farm, S.G. Highway, Bodakdev, Ahmedabad, Gujarat-380054
Contact: secretarial@ecscorporation.com
Mob: +91 8980005003

NOTICE OF BOARD MEETING

Notice is hereby given that Pursuant to the provisions of Regulation 29 read with Regulation 47 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015, a Meeting of the Board of Directors of the Company is scheduled to be held on Wednesday, May 24, 2O17, at the Registered Office of the Company, to inter alia consider, approve and take on record the audited financial results of the Company for the quarter ended on March 31, 2016. This information is also available on the Company's Website www.ecsbiztech.com

For, ECS Biztech Limited
Vijay Mandora
(Managing Director)
DIN: 00328792
Place : Ahmedabad
Date : 15.05.2017

SUN SOURCE (INDIA) LIMITED
Registered Office: 1, SONAL INDUSTRIAL ESTATE (KHODA), SANAND-VIRAMGAM HIGHWAY, AHMEDABAD- 382 170.CIN: L40100GJ1992PLC017458. Email: info@sunsource.in website: www.sunsource.in

STATEMENT OF AUDITED (STANDALONE) FINANCIAL RESULTS FOR THE QUARTER AND TWELVE MONTHS ENDED 31ST MARCH, 2017

(Amount in Rupees)

| Particulars | Quarter and current year ended 31.03.2017 | Year to date figures 01.04.2016 to 31.03.2017 | Corresponding 3 months ended in the P.Y. 31.03.2016 |
|---|---|---|---|
| Total income from operation (Net) | -1,939,693/- | -2,485,572/- | -2,206,752/- |
| Net Profit/(loss) from ordinary activities after tax | -1,939,693/- | -2,485,572/- | -2,206,752/- |
| Net Profit/(loss) for the period after tax (after extraordinary items) | -1,939,693/- | -2,485,572/- | -2,206,752/- |
| Equity Shares Capital | 143,914,610/- | 143,914,610/- | 143,914,610/- |
| Reserve (excluding Revaluation Reserve as shown in the Balance Sheet of previous year) | -39,817,435/- | -39,817,435/- | -37,358,062/- |
| Earnings per Share (before extraordinary items) (of 10/- each) | -0.13 | -0.17 | -0.15 |
| Basic | -0.13 | -0.17 | -0.15 |
| Diluted | -0.13 | -0.17 | -0.15 |
| Earnings per Share (after extraordinary items) (of 10/- each) | | | |
| Basic | -0.13 | -0.17 | -0.15 |
| Diluted | -0.13 | -0.17 | -0.15 |

Note:- The above is an extract of the detailed format of quarterly/Annual financial results filed with the stock exchanges under Regulation 33 of SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The full format of the quarter/annual financial results are available on the stock exchange websites and also on Company's website www.sunsource.in

For Sun Source India Limited
SD/-
Ashok Gajjar
Chairman
DIN:02137748
Date: May 16, 2017
Place: Vadodara

સૂચના
કૃપા કરી આપની જાહેરખબર તથા સમાચાર અમારા નિમ્નલિખિત ઈ-મેલ પર જ મોકલશો :
lokmitra1948@gmail.com